# બિસ્મીલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ

## ૮ થી ૧૫ વર્ષના નાનકડા બાળકો માટેની નાનકડી પરીક્ષા

**સૂચના :**

- ✓ દરેક પ્રશ્નો ફરજિયાત છે.
- ✓ સ્વચ્છ અક્ષરે માંગ્યા પ્રમાણે જવાબો લખવા.
- ✓ જવાબો લખવા માટે કિતાબ રિઝક અને નમાઝે શબનો વાંચન અને અભ્યાસ જરૂરી છે.
- ✓ કુલ ગુણ : ૧૦૦

---

## પ્રશ્નપત્ર

પ્રશ્નઃ(૧) ખાલી જગ્યા પૂરો. (૨૫)

1. ...................... સિવાય રોઝીને રોકવા અને મોકલવાનો કાબુ બીજુ કોઈ નથી ધરાવતું.
2. નમાઝે શબ ............................ માટે વાજીબ હતી.
3. અને જાણી લ્યો કે ખરેખર તમારો માલ અને તમારી ઔલાદ ................ છે.
4. નમાઝે શબમાં કુલ ................ રકઅત છે.
5. ............. રિઝકને વધારી નથી શકતું, અલબત તે ઈન્સાનની કિંમત અને દરજ્જાને કલંકિત (જરૂર) કરી નાખે છે.
6. નમાઝે વિત્રમાં ............. રકઅત હોય છે.
7. જે શખ્સ પોતાની (હલાલ) કમાણી ખાય છે, તે ...................... ઉપરથી ઘોડાની ઝડપે પસાર થઈ જશે.
8. ખરેખર જયારે ઈન્સાન પોતાને તવંગર પામે છે, તો તે .................. બની જાય છે.
9. ............. ની શોધમાં નીકળો કારણ કે તેમાં તમારા માટે લોકોથી મુકિત (બેનિયાઝી) છે !
10. ................ અખ્લાકને બગાડે છે, અપ્રમાણિકતાનું કારણ બને છે અને મુસલમાનોને ખૂબ જ હેરાન–પરેશાન કરી મૂકે છે.
11. કોઈ ખજાનો ............ થી વધીને સ્વાવલંબી (બેનિયાઝ) બનાવનાર નથી.

12. ખરાબમાં ખરાબ વેપારી એ હોય છે જે .................... કરે છે.

13. ................... લોકોની નજરમાં ઐબ (ખામી) છે, પરંતુ કયામતના દિવસે અલ્લાહની નજરમાં તે શણગાર હશે.

14. જેણે ........... નું રીઝક મેળવી લીધુ, તેણે દુનિયા અને આખેરતની ભલાઈનું રીઝક મેળવી લીધું.

15. ............... માં વધારો અને બરકત છે, અને જે શખ્સ નરમાશથી વંચિત છે તે ભલાઈથી વંચિત છે.

16. 'અર્મગાને ઈસ્લામ' કિતાબના લેખક ............................... છે.

17. નમાઝે શબનું બીજુ નામ નમાઝે ............. પણ છે.

18. .............. વડે પસંદગીની ચીજો મેળવી શકાય છે.

19. ................. અને ................ દુન્યવી જીંદગીની શોભા છે.

20. (લોકો પાસે) માંગવું .................. અને ............... ની ચાવી છે.

21. દરેક ............... માટે રોઝી છે.

22. દુનિયા ............... કરતી રહે છે, તેથી તેમાંથી તમારો હિસ્સો યોગ્ય રીતે અને મધ્યમ માર્ગ અપનાવીને મેળવો.

23. મનાઈ કરેલા માર્ગેથી મેળવેલી (હરામ) કમાણી આવનારી .................. ઉપર પણ અસર કરે છે.

24. જયારે રોઝીની વહેંચણી થઈ ચૂકી છે, તો પછી .............. કેવી ??!

25. શકય હોય તો એવી કોઈ ચીજ ન મેળવો, જેના માટે તમને આવતીકાલે (મૃત્યુ પછી) .................. થવાની છે.

26. પછી જેઓ ઈમાન લાવ્યા અને નેક કામો કર્યા, તેઓ માટે ................ અને .................... છે.

27. ................................ વગરની દુઆ એવી છે જાણે કે ધનુષ્ય વગર ફેંકેલુ તીર.

28. વધારેમાં વધારે સલામ કરો, તેનાથી તમારા ઘરમાં ................... વધશે.

29. હજ કરો, ................. બનશો.

30. જે પોતાની .................... ને જાહેર કરે છે, તે .................... ને ખેંચી લાવે છે.

31. ...................... કમાણી માટે આફત છે.

32. કોઈ કામ અલ્લાહ તબારક વ તઆલાની નજરમાં ................. કરતા વધુ માનીતુ નથી.

33. ................ અકકલમાં વધારો કરે છે.

34. મોઅમીન પોતાની ............... ઉપર ખુશ હોય છે.

35. તંગી જેટલી વધતી જશે, તેટલી જ ................ નજદીક આવતી જશે.

36. ..................... એ ફળદ્રુપ ખેતી અને શ્રેષ્ઠ ખજાનો છે.

37. 'લહવો લએબ' એટલે .........................

38. .................... થી નેઅમતોનો અંત આવી જાય છે.

39. છૂટથી રિઝક મળવું એ શ્રેષ્ઠ ................... છે.

40. તમારા માલનું રક્ષણ ................. વડે કરો.

41. .................. કરવાનું મૂકી દેવાથી અકકલ કમજોર થઈ જાય છે.

42. આખર ઝમાનામાં જે ચીજો બહુ ઓછી જોવા મળશે તેમાંથી એક મદદગાર ભાઈ અને બીજુ ........................... છે.

43. દરેક પ્રકારની ..................... લોકો માટે નુકસાનકારક છે અને ............. વધારવામાં કોઈપણ ભલાઈ કે બરકત રહેલી નથી.

44. તે શખ્સની જીંદગી ખુબ જ ખુશહાલ હોય છે, જે અલ્લાહની ................ પર રાજી હોય છે.

45. જે શખ્સ ફીકહ (નું ઈલ્મ મેળવ્યા) વગર વેપાર કરશે, તે ................... માં સપડાઈ જશે.

46. .................. અલ્લાહના તકવા માટે શ્રેષ્ઠ સહાયક છે.

પ્રશ્નઃ(૨) સાચા વિધાનોની સામે 'સાચુ' અને ખોટા વિધાનોની સામે 'ખોટુ' લખો. (૧૯)

1. રિઝક અકકલ અને ડહાપણ મુજબ મળે છે. ( )

2. નમાઝે શબ ન પઢનાર માટે ગુનાહ લખવામાં આવે છે. ( )

3. વૃધ્ધો અને વડીલોએ અમુક ઉંમર પછી પોતાનો કામધંધો અને વેપાર–રોજગાર છોડી આરામ કરવો હિતાવહ અને સલાહભર્યુ છે. ( )

4. નમાઝે શબ ન પઢનાર 'મકામે મહમૂદ'ના ઉચ્ચ સ્થાનથી વંચિત રહી જાય છે. ( )

5. શકય તેટલો માલ એકઠો કરવાનો પ્રયત્ન કરો જેથી આવતીકાલના રિઝકની ફીકર ન કરવી પડે. ( )

6. 'નાફેલાએ સુબ્હ'ની બે રકઅત નમાઝ છે, જે સુબ્હની નમાઝ પહેલા પઢવાની હોય છે. ( )

7. જે આવતીકાલના રિઝકની વ્યવસ્થા કરતો નથી, તે કયારેય સફળ નથી થતો. ( )

8. વધુ પડતો ખોરાક નમાઝે શબથી વંચિત રાખી શકે છે. ( )

9. કામ–કાજ અને વ્યવસાય કર્યા વગરની ઈબાદત અલ્લાહની નજરમાં કોઈ મહત્વ અને સ્થાન ધરાવતી નથી. ( )

10. રાત્રે સૂવામાં મોડું થઈ ગયુ હોય, ત્યારે બીજા દિવસે નમાઝે સુબ્હ ન પઢીએ તો વાંધો નથી. ( )

11. પૂરતા પ્રમાણમાં માલ અને સંપત્તિ હોય અથવા સંતાનો સારી કમાણી કરતા હોય, તો પછી કામકાજ કરવાની કોઈ જરૂર રહેતી નથી, તેથી મૃત્યુ સુધી આરામ અને સગવડતાની સાથે રહેવું જોઈએ. ( )

12. નમાઝે શબ નૂર છે. ( )

13. રોઝી બંદાને એવી રીતે શોધે છે, જે રીતે તેને તેની મૌત શોધે છે. ( )

14. અલ્લાહની રાહમાં મૃત્યુ પામેલા લોકો પણ પોતાના રબ પાસેથી રોઝી મેળવે છે. ( )

15. ખામોશી હિકમત છે પણ બહુ વધારે લોકો તેને અપનાવે છે. ( )

16. નમાઝે શબ વાજીબ નથી પરંતુ નમાઝે નાફેલાએ સુબ્હ વાજીબ છે. ( )

17. પુષ્કળ પ્રમાણમાં માલ અને દૌલત અલ્લાહ તરફથી એક પ્રકારનો અઝાબ, સજા અને શિક્ષા પણ હોઈ શકે છે. ( )

18. લગ્ન કરવાથી ખર્ચા વધી જાય છે જેના કારણે ગરીબી અને ફકીરીમાં વધારો થાય છે. ( )

19. તંગી (ગરીબી) કુફ્રની વધારે નજદીક હોય છે. ( )

20. કોઈ સારા સ્વભાવ અને વર્તણૂકવાળા વ્યકિતનો પગાર ઓછો હોય, તો તેને દીકરી ન આપવી કારણ કે શકય છે કે તે તમારી દીકરીનું ભરણપોષણ ન પણ કરી શકે. ( )

21. સંજોગવસાત કયારેક ફકીર (ગરીબ) થઈ જા, તો તારી ફકીરી (ગરીબી)ને તારી અને તારા રબની વચ્ચે જ રહેવા દેજે. ( )

22. ખેતી અને તેની જેવા મહેનત–મજદૂરીવાળા વ્યવસાય કરતા ટેબલ–ખુરશી વાળી નોકરી સારી. ( )

23. રોઝીની વહેંચણીમાં કયાંક તંગી છે તો કયાંક વિપુલતા, જે અદલ(ન્યાય) જ છે. ( )

24. 'રોઝી' એટલે માત્ર માલ અને ઔલાદ. ( )

25. જે સમય (ઉમર) પસાર થઈ જાય છે તેના પાછા ફરવાની આશા રાખી શકાય છે, જયારે કે રિઝકના પલટવાની અપેક્ષા રાખી શકાતી નથી. ( )

26. અલ્લાહ તેના બંદાઓના 'રિઝક'ને ઈમામે ઝમાના (અ.સ.)ના માધ્યમ થકી તેઓ સુધી પહોંચાડે છે. ( )

27. વર્તમાન સમયમાં મોંઘવારી સામે લડવા માટે લોન લેવી એજ એકમાત્ર ઉપાય છે. ( )

28. નમાઝે શબથી વંચિત રહેવું એ (હકીકતમાં) રિઝકથી વંચિત રહેવું છે. ( )

29. અલ્લાહે રિઝકને પોતાના બંદાઓ વચ્ચે વહેંચી દીધુ છે, અને તેણે બહુ મોટી કૃપા (ફઝલ)ની પણ વહેંચણી કરી જ દીધી છે. ( )

30. ઈબાદતના દસ ભાગ છે જેમાંના નવ ભાગ હરામને શોધવામાં છે. ( )

31. જે શખ્સ થોડી રોઝી ઉપર રાજી થઈ જાય છે, અલ્લાહ તઆલા તેના થોડા અમલથી રાજી થઈ જાય છે.

32. હયા (શર્મ) રોઝી માટે અવરોધક નથી. ( )

33. ઘરમાં કરોળિયાના જાળા રહેવા દેવાથી અને સૂર્ય ઉગવાના સમય પહેલા સૂવાથી રોઝીમાં ઘટાડો થાય છે. ( )

34. મજૂરને કામ સોંપતા પહેલા તેની મજૂરીની રકમ જણાવી દેવી જરૂરી નથી. ( )

35. અલ્લાહે ગેરંટી આપેલા રિઝક માટે તમારી ફરજ (વાજીબાત)માં આવતા કાર્યોથી દૂર ન થઈ જાવ. ( )

36. કિતાબ 'બેહારૂલ અન્વાર' ના લેખક શૈખ તુસી (અ.ર.) છે. ( )

37. નમાઝે શબ પઢનારનો ચહેરો દિવસે નુરાની / આકર્ષક લાગે છે. ( )

38. નમાઝે શબની અદાયગી ગુનાહોને ભૂંસી નાખે છે. ( )

પ્રશ્નઃ(૩) એક–બે વાકયોમાં જવાબ આપોઃ (૨૦)

1. 'અલ્લાહના ફઝલને પ્રાપ્ત કરો' એટલે શું ?
2. નમાઝે શબથી વંચિત રહેવાના કોઈ પણ ચાર કારણો ટૂંકમાં જણાવો.
3. વ્યભિચારના છ નુકસાન કયા–કયા છે ?
4. રાતનો શૈતાન બંદાને નમાઝે શબ પઢતા કઈ રીતે અટકાવવાનો પ્રયત્ન કરે છે ? હદીસ લખો
5. લોકો પાસે માંગણી કરવામાં કયા–કયા નુકસાન રહેલા છે ?
6. નકામા ખર્ચ (ઈસ્રાફ)ના કોઈપણ બે નુકસાન જણાવો.
7. આળસના કોઈપણ બે નુકસાન જણાવો.
8. અલ્લાહ આટલી બધી વિશાળ મખ્લૂકનો હિસાબ કઈ રીતે લેશે ?
9. શું મોઅમીન પાસે દસ શર્ટ હોઈ શકે છે ?
10. વધારે ઉંઘના કોઈપણ બે નુકસાન લખો.
11. અલ્લાહે મુર્ખાઓને રોઝી શા માટે આપી છે ?
12. જો કોઈ શખ્સને એક બંધ ઘરમાં પૂરી દેવામાં આવે તો તેની રોઝી તેની પાસે કયાંથી પહોંચી શકશે ?!
13. ફક્ર (ગરીબી) દરમ્યાન થનારા કોઈ પણ ચાર સંભવિત નુકસાન જણાવો.
14. કઈ રાત્રિઓ દરમ્યાન જાગીને ઈબાદત કરવાના ખૂબ જ ફાયદા વર્ણવવામાં આવ્યા છે ? કોઈપણ પાંચ જણાવો.
15. રોઝીમાં વધારો કરનારી કોઈપણ ચાર બાબતો જણાવો.

16. નમાઝે શબનો સમય જણાવો

17. જરૂરત અને ઉપયોગ કરતા મોટુ ઘર બનાવવામાં શું નુકસાન રહેલું છે ?

18. અકકલમંદ ઈન્સાન માટે યોગ્ય નથી કે તે ત્રણ કાર્યો સિવાય મુસાફરી કરે. તે ત્રણ કાર્યો જણાવો.

19. અલ્લાહે કઈ નેકીઓના કારણે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ને 'ખલીલ' બનાવ્યા ?

20. શબ – બેદારીના ફાયદા જણાવતી કોઈ એક હદીસ લખો

પ્રશ્ન:(૪) વિસ્તારપૂર્વક જવાબ સમજાવો (૩૬)

1. વર્તમાન સમયમાં મોંઘવારી શા માટે વધી રહી છે ?

2. નમાઝે શબના કોઈ પણ આઠ ફાયદા જણાવો.

3. કર્મચારી (નોકર) અને માલિક (શેઠ)ની ફરજો કઈ–કઈ છે ?

4. કયા–કયા વ્યવસાયો અપનાવવા ન જોઈએ ? કારણ સહિત સમજાવો.

5. નમાઝે શબ કબ્રમાં કઈ રીતે કામ લાગશે ? કોઈપણ બે હદીસો લખો.

6. પ્રમાણસર રોઝીમાં જ ભલાઈ છે – કોઈપણ પાંચ કારણો આપો.

7. આર્થિક અસમાનતા શા માટે જોવા મળે છે ?

8. નમાઝે શબની રીત ટૂંકમાં જણાવો

9. નમાઝે શબનું મહત્વ અને ફાયદા દર્શાવતી કોઈપણ એક આયત અરબીમાં ગુજરાતી તરજુમા અને રેફરન્સ સહિત લખો.